જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૩૦/૦૧/૨૦૨૪  મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૫૭/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૬૭ લીટર દેશી દારૂ, ૭૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨,૧૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૫૮/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ-  સમાચાર યાદી નં.૧૫૯/૨૦૨૪

**ઈસનપુરઃ** નૈયરખાન મોજદીનખાન પઠાણ (રહે. ગર્વમેન્ટ “એફ” કોલોની શાહઆલમ દરવાજા પાસે ઈસનપુર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૧/૨૦૨૪ રાતના ૯/૦૦ થી તા.૨૯/૦૧/૨૦૨૪ સવારના ૬/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાદીના દાગીના અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૨૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વાઘેલા ચલાવે છે.

## વાહન અકસ્માતમાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૬૦/૨૦૨૪

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** અરબાજ નુરમોહમ્મદ મન્સુરી (રહે. નવાબનગરનાં છાપરાં બી ગલી અમ્મા મસ્જીદ સામે ચંડોળા તળાવ ઈસનપુર) તા.૨૮/૦૧/૨૦૨૪ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે બે વર્ષના પોતાના ભાણેજ આર્યન ઉર્ફે રુહાનને એક્ટીવા ઉપર બેસાડી એક્ટીવા ચલાવી દાણીલીમડા ચાર રસ્તાથી નારોલ તરફ જતા કોઝી હોટલ તરફ જવાના ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે યામાહા મોટર સાયકલ નંબર જીજે ૦૧ એક્સએ ૨૬૪૧ ના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી અરબાજ નુરમોહમ્મદ મન્સુરીના એક્ટીવાને ટક્કર મારતા અરબાજ નુરમોહમ્મદ મન્સુરીના ભાણેજ આર્યન ઉર્ફે રુહાનને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને એસવીપી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૦/૫૫ વાગે તેનું મૃત્યું નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ અરબાજ નુરમોહમ્મદ મન્સુરીએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

## ટ્રેઈન સાથે અથડાતાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૬૧/૨૦૨૪

**આનંદનગરઃ** પ્રકાશ જગદીશભાઈ મકવાણા (ઉ.વ.૩૨) (રહે. વિશ્વકર્માનગર સાલપરા રોડ વેજલપુર) તા.૨૮/૦૧/૨૦૨૪ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે આનંદનગર મકરબા ફાટક નજીક કિલોમીટર-૨૦/૨ થી ૨૦/૧ વચ્ચે ટ્રેઈન સાથે અથડાતાં ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૬૨/૨૦૨૪

**ચાંદખેડાઃ** વિક્રમભાઈ જયરામભાઈ સોલંકી (ઉ.વ.૪૮) (રહે. ઇન્દીરાનગર મોટેરા સ્ટેડીયમની બાજુમાં સાબરમતી) એ ગંભીર બિમારીથી કંટાળી તા.૨૯/૦૧/૨૦૨૪ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે વ્યવસાયના સ્થળ ચાંદખેડા ઓ.એન.જી.સી ખાતે આઈ.આર.એસ.બીલ્ડીંગના ટેરેસ પરથી પડતું મુકતાં ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને મેટીસ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જયાબહેન લાલાભાઈ ચલાવે છે.

**શાહીબાગઃ** હિરેનભાઇ હરીશભાઇ રાંગી (ઉ.વ.૨૮) (રહે. શિવરામ સુખરામની ચાલી મોહન સિનેમા રોડ અસારવા શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૧/૨૦૨૪ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દેવેન્દ્રસિંહ રતનસિંહ ચલાવે છે.

**દાણીલીમડાઃ** આશિયાના વા/ઓ હુસેનમીયા ભટ્ટ (ઉ.વ.૨૩) (રહે. ઈડર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૧/૨૦૨૪ સવારના ૬/30 વાગ્યાના સુમારે દાણીલીમડા બેરલ માર્કેટ ગની મસ્જીદ રોડ સના રો-હાઉસ પાસે નબીલ ટેનામેન્ટ ખાતે પોતાના પિતાના ઘરે પંખા સાથે રસ્સી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.વાઘેલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી